<u>**ધોળકાના મે. એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી.એન.બી.મુનશી ) સાહેબની કોર્ટમાં, મું–ધોળકા.**</u>

**ક્રિમીનલ કેસ નં. 5161/2025**

ફરીયાદી:– શ્રી સરકાર
વિરુઘ્ઘ

આરોપી:– **રમીલાબેન વા/ઓ રોહીતભાઇ ઠાકોર**
રહે.–ધોળકા

**બાબત:– પ્રોહીબીશન એકટ કલમ–૬૫ એ. એ. મુજબ...**

આજ રોજ ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી દ્રારા સ્પેસીયલ સીટીગ નુ આયોજન કરવામા આવેલ અને ના.ડીસ્ટ્રીકટ કોર્ટના દ્રારા અત્રેની કોર્ટ ને સ્પેશીયલ સીટીગ અંગેની કોર્ટ તરીકે નીમણુક કરેલ છે.અને તે મુજબ સદર કેશ આજરોજ રાખેલ છે.

આરોપીને સમન્સ બજતા આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલ છે .અત્રેની અદાલતે તેઓની સજાને જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલા નથી તેવી સમજ આપવા છતાં આરોપી તેના નિવદેનમાં સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોવાનુ તથા ગરીબ બાલ બચ્ચાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્ય મા આવો કે આવા પ્રકાર નો ગુનો ન કરવાની કોર્ટ ને બાહેધરી અને ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

આરોપીની રજુઆત તથા કબુલાત ઘ્યાને લેતા તેમજ **નામ.ગુજરાત હાઈકોર્ટનો સ્ટેટ વિ. નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

<u>**–: હુકમ :–**</u>

આ કામના આરોપીને બી.એન.એસ.એસની કલમ– ૨૬૪ અન્વયે તકસીરવાન ઠરાવી ધી બોમ્બે પ્રોહીબીશન એકટની **૬૫ એ. એ.**ના ગુન્હામાં રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂ/વોશ જો હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ નેશનલ લોકઅદાલત તારીખ ૧૪ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ સ્પે.સીટીંગમા જાહેર કર્યો.

તારીખ:– ૧૪/૦૩/૨૦૨૬ (એન.બી.મુનશી)
મુ.ધોળકા એડી. ચીફ.જયુડીશીયલ. મેજીસ્ટ્રેટ .ધોળકા
Judge Code No-GJ00735